# ગુરુપૂજાનો અભ્યાસ

## સ્વામી શાંતાનંદ દ્વારા લિખિત

પ્રકૃતિમાં નિહિત પવિત્રતાની સ્તુતિ, ભારતમાં વૈદિકકાળથી જ મૌખિક અને લિખિત, બંને રીતે કરવામાં આવે છે. લગભગ ૧૫૦૦ થી ૫૦૦ સામાન્ય યુગના પૂર્વે જ્યારે વેદોની રચના થઈ રહી હતી ત્યારે ભારતમાં કોઈ મંદિર અથવા ભગવાનની મૂર્તિઓ કે ચિત્રો નહોતાં. તેના બદલે, વર્ષો સુધી પર્વતો, સમુદ્રો, નદીઓ, વૃક્ષો, વાયુ, સૂર્ય, ચંદ્ર અને પ્રકૃતિની બીજી શક્તિઓની પૂજા કરવામાં આવતી હતી.

મહાન ઋષિઓ અને સંતોએ તેમના શિષ્યોને આત્માનું જ્ઞાન આપવા માટે પ્રકૃતિનાં ઉદાહરણોનો ઉપયોગ કર્યો. તેમણે સમજાવ્યું કે બ્રહ્માંડમાં દિવ્યતાનાં વિવિધ રૂપો સમાયેલાં છે જેની પૂજા કરી શકાય છે. પ્રાચીન કથાઓ અને શિક્ષાના ગ્રંથ, શ્રીમદ્ ભાગવત પુરાણના એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે :

મનુષ્યે દરેક વસ્તુને — આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, આકાશીય પિંડો, સમસ્ત જીવો, દિશાઓ, વનસ્પતિ, નદીઓ અને સમુદ્રોને — ભગવાનનો દેહ માનીને તેમનું સન્માન કરવું જોઈએ; એ ભગવાન જેઓ મનુષ્યથી લેશમાત્ર પણ ભિન્ન નથી.[૧]

પુરાણોની રચના કરનારા ઋષિમુનિઓએ જાણી લીધું હતું કે આ સંપૂર્ણ બ્રહ્માંડનો ઉદય સ્વયં ભગવાનની સત્તામાંથી જ થાય છે અને તે ભગવાનથી ભિન્ન નથી. એટલા માટે, ભગવાનનું સન્માન કરવાની એક રીત છે, ભગવાનની સૃષ્ટિનો શ્રદ્ધાપૂર્વક આદર કરવો. આપણે પૂજા–અનુષ્ઠાન કરીને અને સંસારની દરેક વસ્તુ પ્રત્યે સન્માન પ્રગટ કરીને ભગવાન પ્રત્યે આપણો આદર વ્યક્ત કરી શકીએ છીએ. બધાં લોકો અને જીવોમાં દિવ્યતાને ઓળખીને આપણે ભગવાનને નમન કરી શકીએ છીએ.

સંસ્કૃત ભાષામાં ‘પૂજા’ શબ્દનો અર્થ છે, “આરાધના” અને તે ‘પૂજ’ ધાતુ પરથી આવ્યો છે, જેનો અર્થ છે, “પૂજવું અને સન્માન કરવું.” પૂજા કરવી એટલે આદર, ભક્તિ અને શ્રદ્ધા અર્પિત કરવી. પૂજા એ સ્તુતિગાન કરવાની, કોઈ વ્યક્તિ કે વસ્તુની પાવનતા અને શુદ્ધતાને ઓળખવાની એક રીત છે. સારાંશ એ છે કે પૂજા આપણા ઇષ્ટદેવતા એટલે કે પરમેશ્વરના પરમપ્રિય રૂપનું સન્માન કરવાનું તેમજ તેમના પ્રત્યે પ્રેમ, કૃતજ્ઞતા અને ભક્તિભાવ અભિવ્યક્ત કરવાનું માધ્યમ છે.

પૂજા કરનારી વ્યક્તિ પોતાના ઇષ્ટરૂપ, પરબ્રહ્મની વિધિપૂર્વક પૂજા દ્વારા દૈનિક જીવનમાં પરમેશ્વરની ઉપસ્થિતિ સાથે જોડાઈ જાય છે અને આશીર્વાદોનું આવાહન કરે છે. આ એક એવું અનુષ્ઠાન છે જેમાં નિરંતરતાની સાથે, ખૂબ સુંદરતાથી અને મધુરતાથી પરમેશ્વર સાથે સંલગ્ન થવું જરૂરી છે. પૂજાની સાધના મનને ખૂબ જ સ્પષ્ટ કેન્દ્રણ પ્રદાન કરે છે. એ જરૂરી છે કે પૂજા કરનારી વ્યક્તિ પૂજાની દરેક વિધિમાં પૂરી રીતે ઉપસ્થિત રહે, એકાગ્રચિત્ત રહે

અને બધું જ ધ્યાનપૂર્વક કરે. તેના પરિણામસ્વરૂપ, મનની પાસે ભટકવાની અથવા આમતેમ ભાગવાની તક ઓછી રહે છે.

ગુરુ-શિષ્ય પરંપરામાં પૂજાનું શ્રેષ્ઠતમ રૂપ છે, આપણા પોતાના શ્રીગુરુની પૂજા. પોતાના શ્રીગુરુ પ્રત્યે એક શિષ્યની અંદર જે ભાવ હોય છે, તેનું સંત કબીર એક દોહામાં અર્થપૂર્ણ રૂપે વર્ણન કરે છે.

*ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય ।*
*બલિહારી ગુરુ આપકી, જિન ગોવિંદ દિયો બતાય ॥*

મારા શ્રીગુરુ અને ભગવાન, બંને મારી સામે ઊભા છે.
હું પહેલા કોની ચરણવંદના કરું?
હે ગુરુદેવ, હું સ્વયંને પૂરી રીતે તમને સમર્પિત કરું છું.
તમે જ છો જેમણે મને ભગવાનનાં દર્શન કરાવ્યાં છે.[૨]

સંત કબીર આપણને કહે છે કે શ્રીગુરુ અનંત કરુણાના મૂર્તરૂપ છે અને સર્વપ્રથમ તેમની જ પૂજા કરવી જોઈએ કારણકે એ શ્રીગુરુ જ છે જેઓ પરમેશ્વર વિશે શિખામણો પ્રદાન કરે છે અને શિષ્યોને એ દિવ્યતાની અનુભૂતિ કરવા માટે માર્ગદર્શન આપે છે.

સન ૧૯૭૨માં જ્યારે હું એક જિજ્ઞાસુ તરીકે ભારતભરમાં ભ્રમણ કરી રહ્યો હતો ત્યારે હિમાલયની પર્વતમાળામાં કોઈએ મને એક મહાન ગુરુ વિશે વાત કરી, જેઓ ભારતમાં સ્થિત સિદ્ધયોગ આશ્રમ, ગુરુદેવ સિદ્ધપીઠમાં રહેતા હતા. તેના થોડા જ સમયમાં મને સમજાયું કે મને ખરેખર એક ગુરુને પામવાની ઇચ્છા હતી અને જરૂર પણ હતી. તેથી મેં ગુરુદેવ સિદ્ધપીઠ જવાનું નક્કી કર્યું. ત્યાં પહોંચીને પણ હું અમુક અંશે સંશયોથી ભરેલો હતો; તેમ છતાં મેં બાબા મુક્તાનંદનાં દર્શન કર્યાં અને તેમણે મને શક્તિપાત દીક્ષા પ્રદાન કરી. ટૂંકમાં કહું તો ત્યારથી જ મારી સિદ્ધયોગ સાધનાની શરૂઆત થઈ.

ત્યારથી ગુરુપૂજા કરવી એ મારો નિરંતર અભ્યાસ રહ્યો છે. પૂજા અર્પિત કરવાથી હું શ્રીગુરુ પ્રત્યે મારી ઊંડી શ્રદ્ધા અને પ્રેમ અભિવ્યક્ત કરી શકું છું, એ બધાં માટે જે મને પ્રાપ્ત થયું છે અને જે સતત પ્રાપ્ત થઈ રહ્યું છે. જ્યારે હું ભારતમાં હતો ત્યારે હું ગુરુપૂજાની વિધિઓ શીખી શક્યો. વિશેષરૂપે ગુરુદેવ સિદ્ધપીઠમાં, જ્યાં ગુરુપૂજા દિવસરાત કરવામાં આવે છે.

તેમ છતાં, એવા ખાસ દિવસો હોય છે જ્યારે પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ હોય છે. ભારતનાં શાસ્ત્રો અને કથાઓમાં કહેવામાં આવ્યું છે કે આ ખાસ તહેવારો પર પૂજા કરવાથી તેનું ફળ અનેક ગણું વધી જાય છે.

મેં અહીં તમારા માટે ગુરુપૂજાની વિધિનાં ચરણો બતાવ્યાં છે. અને જો કોઈ કારણોસર તમે ભૌતિકરૂપે પૂજાવેદીની સ્થાપના કરીને પૂજા નથી કરી શકતા તો તમે માનસપૂજા કરી શકો છો, જેમાં તમે એ કલ્પના કરો છો કે તમે પૂજાવિધિનાં બધાં ચરણો કરી રહ્યાં છો. માનસપૂજા બાહ્યપૂજા જેટલી જ શક્તિપૂરિત હોય છે.

પૂજામાં અર્પિત કરવામાં આવેલી પ્રત્યેક સામગ્રીનાં વિશિષ્ટ અને અનેક અર્થ હોય છે. આમાંથી કેટલાક અર્થ મેં અહીં સમજાવ્યા છે, જેથી પૂજા કરતી વખતે તમે આ સમજને તમારા બોધમાં ધારણ કરી શકો. આ રીતે તમે પૂજામાં જે કરશો તે યંત્રવત્ નહીં રહે; તમે તેને અર્થપૂર્ણ રીતે કરી શકશો.

પૂજાનાં તત્ત્વો સાદગીભર્યાં અને સુંદર હોઈ શકે છે. તે એવાં હોવાં જોઈએ જે તમારી અંદર ભક્તિભાવ અને પ્રેમ જાગ્રત કરે.

- તમે સ્નાન કરીને, સ્વચ્છ કપડાં પહેરીને પૂજાની તૈયારી કરી શકો છો. સ્વચ્છતા શુદ્ધતાનું પ્રતીક છે અને તે આપણા એ ઉદ્દેશ્યને અભિવ્યક્ત કરે છે કે આપણે પૂજા માટે આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવા માગીએ છીએ.
- એ સુનિશ્ચિત કરો કે પૂજાનું સ્થાન પણ સ્વચ્છ અને વ્યવસ્થિત હોય.
- શ્રીગુરુનો ફોટો મૂકીને એક પૂજાવેદી તૈયાર કરો અને જો તમારી પાસે ગુરુપાદુકાઓ હોય તો તેને ફોટાની સામે મૂકો.
- પૂજાવેદી પર ફળો અર્પિત કરો.
- ગુરુકૃપાનું આવાહન કરીને પૂજા આરંભ કરો. તેના માટે તમે "સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!" બોલી શકો છો.
- શ્રીગુરુનાં ફોટા અને પાદુકાઓને એ સમજ સાથે નિહાળો કે તમે તેમનાં દર્શન કરી રહ્યાં છો.
- શ્રીગુરુના ફોટાની સામે ત્રણવાર અગરબત્તી ફેરવીને સુગંધ અર્પિત કરો; જો તમે ઇચ્છો તો ત્રણથી વધારે વાર પણ ફેરવી શકો છો. અગરબત્તીને ગોળાકારમાં, ઘડિયાળના કાંટાની દિશામાં ફેરવો.
- ત્યારબાદ, એક આરતીની થાળી લો જેમાં ઘીનો એક દીવો અથવા નાની મીણબત્તી મૂકો અને પછી આ થાળીને શ્રીગુરુનાં ફોટા અને પાદુકાઓની સામે ત્રણવાર ફેરવો; જો તમે ઇચ્છો તો ત્રણથી વધારે વાર પણ ફેરવી શકો છો. પહેલાં થાળીને તમારી ડાબી બાજુ ફેરવો, પછી થાળીને અર્ધગોળાકારમાં ડાબીથી જમણી બાજુ ફેરવો અને પછી ઘડિયાળની દિશામાં તેને સંપૂર્ણ ગોળાકારમાં ફેરવો.
- આરતી કર્યા પછી થાળીને પૂજાવેદી પર મૂકી દો. જો તમે ઘીનો દીવો પ્રગટાવ્યો હોય તો તે દીવાની પ્રજ્વલિત જ્યોતને ત્યાંસુધી રહેવા દો જ્યાંસુધી તે આપમેળે હોલવાઈ ન જાય. જો તમે મીણબત્તીનો ઉપયોગ કરી રહ્યા હો તો પૂજા પછી તેને હોલવી શકો છો. (જ્યોતને ઢાંકીને હોલવો, ફૂંક મારીને નહીં).
- હવે તમારી પ્રાર્થનાઓ અર્પિત કરો. આવું કરવાની ઘણી બધી રીતો છે. તમે તમારી પોતાની પ્રાર્થનાની રચના કરી શકો છો, મંત્રજપ કરી શકો છો અથવા તમારા 'સ્વાધ્યાય સુધા' પુસ્તકમાંથી કોઈ સ્તુતિ ગાઈ શકો છો, જેમ કે 'શ્રીગુરુપાદુકાપંચકમ્' અથવા 'જ્યોત સે જ્યોત જગાઓ'.

- પ્રાર્થના કર્યા પછી પૂજાવેદીની સમક્ષ શ્રીગુરુને પ્રણામ કરો અને પછી થોડા સમય સુધી શાંત બેસો. પૂજા કરીને હવે જ્યારે તમારું હૃદય પૂરી રીતે ખુલી ગયું છે ત્યારે શ્રીગુરુ પાસેથી શિખામણો પ્રાપ્ત કરવા માટે બસ ગ્રહણશીલ રહીને ત્યાં બેઠા રહો.
- પૂજા કરવી ધ્યાનના અભ્યાસ માટે એક અદ્ભુત પૂર્વતૈયારી છે, કારણકે આ સમયે તમારું મન શાંત હોય છે. તમારું મન સંતુષ્ટ હોય છે. તમારું મન ભક્તિથી પરિપૂર્ણ હોય છે.

મારી શુભકામના છે કે તમે જે ગુરુપૂજા કરો છો તે તમારી અંદર સારપ પ્રગટ કરે. તમે જે ગુરુપૂજા કરો છો તે તમારી સાધનાને દૃઢ કરે. તમે જે ગુરુપૂજા કરો છો તેનાથી આ સંસારનું કલ્યાણ થાય.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[1] શ્રીમદ્ ભાગવત પુરાણ, ૧૧.૨.૪૧; અંગ્રેજી ભાષાંતર © ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®.

[2] અંગ્રેજી ભાષાંતર © ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®.